BUSINESS મિત્ર Plus

# ક્રુડના ઉંચા ભાવ, વૈશ્વિક અનિશ્ચિતતા શેરબજારને હચમચાવતા રહેશે



વિતેલા સપ્તાહમાં મોટા ભાગના સેશનમાં ભારતીય શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. હજુય વૈશ્વિક જોખમો અને પડકારો ચાલુ હોવાથી ક્રુડ ઓઈલના ભાવ ઉંચા રહેવાના કારણે શેરબજાર વધઘટે નરમ રહ્યું હતું. સપ્તાહ દરમ્યાન બ્રોડર માર્કેટ પણ નરમ રહ્યું હતું. આવનારા દિવસોમાં વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ ચાલુ રહ્યો છે. ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ ઘટવાનું નામ લેતું નથી, તેના પરિણામે ક્રુડ ઓઈલના ભાવ 87 ડોલરની આસપાસ ચાલી રહ્યા છે. જે ઘટવાની સંભાવના નહીંવત છે. આ ઉપરાંત, ભારતીય કંપનીઓના પ્રથમ કવાર્ટરના પરિણામોની મોસમ પણ પુરી થઈ રહી છે, તેવા સમયે વૈશ્વિક સંકેતો જ બજારમાં હલચલ લાવશે. જોકે, મેક્રો ઈકોનોમી ડેટા ઉપર પણ ફોકસ રહેશે. જે આર્થિક મજબૂતીનું આકલન કરશે. હાલમાં પશ્ચિમ એશિયાની સ્થિતિ, ક્રુડ ઓઈલની કિંમતો ઉપર નજર રહેશે. વર્તમાન પરિસ્થિતિને જોતાં શેરબજારમાં હલચલ ચાલુ રહેશે અને વધઘટે નરમ બંધ રહેશે.

જોકે, યુએસ લેબર ડિપાર્ટમેન્ટના ડેટા જાહેર થયા બાદ ફેડરેટ વધવાની દહેશત દૂર થઈ રહી છે, જે એક સારા સમાચાર છે, તેની સાથે 15મી ઓગસ્ટે મોદીના પ્રવચનને જોતાં વિદેશી રોકાણકારો ફરીથી પ્રવેશી શકે છે. તાજેતરમાં રિઝર્વ બેન્કે ફોરેન કરન્સી ડિપોઝીટ માટે બેન્કોને અપાયેલી રાહત થકી

**માર્કેટ વોચ**

દેશમાં બાવન અબજ ડોલરથી વધુ વિદેશી થાપણો ઠલાવતા ફોરેક્સ રિઝર્વ અપેક્ષિત વધ્યું છે. ભારત માટે ખાસ કરીને ક્રુડ ઓઈલના ઉંચા ભાવના કારણે આયાત ખર્ચ વધવાની પરિસ્થિતિને જોતા ભારતીય અર્થતંત્ર ઉપર માઠી અસર પડી શકે છે.

દેશમાં અત્યારે સેકન્ડરી બજારમાં તેજી સાથે પ્રાયમરી બજારમાં અનેક કંપનીઓના ઈસ્યુઓની વણઝાર ચાલી રહી છે. જે મોટી લિક્વિડિટી બજારમાંથી ખેચી રહ્યું છે. આમ છતાં સેકેન્ડરી બજારમાં પસંદગીના શેરોમાં તેજીનો દોર આગળ વધતો જોવા મળ્યો છે.

આ ઉપરાંત સપ્ટેમ્બરમાં એનએસઈનો મેગા આઈપીઓ અને ડિસેમ્બરમાં જિયો પ્લેટફોર્મના મેગા આઈપીઓની તૈયારી વચ્ચે અનેક આઈપીઓ બજારમાં પ્રવેશી રહ્યા છે. આમ, બજારની સ્થિતિ બહુ ખરાબ થાય તેવી દેખાઈ રહી નથી, પણ સુધરે તેવા પણ કોઈ પરિબળ જોવા મળી રહ્યા નથી.

નબળા ચોમાસાની હવામાન વિભાગની આગાહી હતી, જેમાં અલનીનોનો ખતરો હતો, પણ હવે આ ખતરો શાંત થઈ રહ્યો છે, ત્યારે દેશમાં એકંદરે સકારાત્મક સ્થિતિ જોવાઈ રહી છે. આગામી સપ્તાહમાં ભારતમાં જુલાઈ મહિનાનો બેરોજગારી દર જાહેર થવાનો છે અને આ સાથે જુલાઈના ઈન્ફ્રાસ્ટ્રકચર આઉટપુટ જાહેર થવાના છે. જ્યારે રિટેલ વેચાણના આંકડા અન ઓગસ્ટ મહિનાના મેન્યુફેકચરીંગ અને સર્વિસીસ પીએમઆઈના આંક પણ જાહેર થવાના છે. હાલમાં રોકાણકારોએ નવા શેરોમાં ખરીદી કરવાનું ટાળવું જોઈએ અથવા જે કંપનીઓના સારા ગાઈડન્સ તથા સુંદર પ્રદર્શન કરનારી કંપનીઓ ઉપર ફોકસ કરવું જોઈએ, જેમાં સારૂં વળતર મળી શકે છે.

**શેરબજારમાં પડકારો યથાવત, કોર્પોરેટ કમાણીની મોસમ પુરી થઈ ગઈ, મેક્રો ડેટા ઉપર બજારની નજર રહેશે**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15મી ઓગસ્ટના રોજ દેશના આર્થિક વિકાસ પર ફોકસ કરવાનો અને દેશનો આયાત નિર્ભરતા ઘટાડીને આત્મનિર્ભર બનાવવા વધુ 5થી 8 સેમિકન્ડકટર પ્લાન્ટ સ્થાપવા, એડવાન્સ ડિફેન્સ ટેકનોલોજીમાં વૈશ્વિક અગ્રણી બનાવવા પર ફોકસ અને ભારતની ફિલ્મો, ગેમીંગ, વીએફએક્સ અને ડિજિટલ કન્ટેન્ટમાં વિશ્વમાં વેગ આપવા, એનર્જી સિક્યોરિટી, ક્રિટિકલ મીનરલ્સ ભવિષ્યની જરૂરિયાત ઉપર ફોકસ કરવામાં આવશે. જેથી યુવા પેઢીના ભવિષ્યની કારકિર્દી તથા પ્રોફેશનલ્સ વ્યવસાયને ઉભરવામાં મદદરૂપ થઈ શકાય.

ભારતીય શેરબજારમાં તમામ પાસાઓને જોઈએ તો હાલમાં કોઈ મોટી સમસ્યા દેખાતી નથી, પણ કોઈ સારી પરિસ્થિતિ પણ નથી. આ સંજોગોમાં લાંબા ગાળાના રોકાણકારોએ કશુંય નહીં કરવું અથવા પસંદગીના શેરોમાં રોકાણ કરવું હિતાવહ રહેશે.

# 1991ના ઉદારીકરણ બાદ સેન્સેક્સમાં 8500 ટકાનો ઉછાળો આવ્યો

જુલાઇ 1991ના બજેટમાં લાયસન્સ રાજ દૂર કરવો, ઉદારીકરણ અને વૈશ્વિક બજારો માટે અર્થતંત્ર ખોલવાની નીતિઓનો સમાવેશ થયો. આ પગલાંઓનો અસરકારક પ્રભાવ તરત જ શેરબજારમાં દેખાયો હતો. સુધારા સમયે સેન્સેક્સે જબરદસ્ત તેજી નોંધાવી અને વર્ષ 1991માં જ મોટો ઉછાળો આવ્યો. આ સમયગાળામાં બજારમાં રોકાણકારોનું આત્મવિશ્વાસ વધ્યું અને ખાનગી ક્ષેત્રે રોકાણની પ્રવૃત્તિ તેજ થઇ. જેના લીધે 1991માં 1909 પોઇન્ટના સ્તરથી સેન્સેક્સ 86000 પોઇન્ટનો આંકડો પાર કરી દીધો છે. જે ભારતીય અર્થતંત્ર અને મુડીબજારોમાં મોટો ફેરફાર દર્શાવે છે. 1991ના સુધારા પછી, સેન્સેક્સે આશરે 8500 ટકા વળતર આપ્યું છે અને આ સમયગાળામાં તેનું સીએજીઆર આશરે 14 ટકા રહ્યું છે.

આ સાથે જ, બજારમાં અસ્થિરતા અને કૌભાંડની ઘટનાઓ પણ આવી. હર્ષદ મહેતા કૌભાંડ જેવી ઘટનાઓએ રોકાણકારોના વિશ્વાસ પર અસર કરી અને ટૂંકા ગાળાના ઝટકા આપ્યા. તેમ છતાં, લાંબા ગાળે માળખાકીય સુધારાઓ અને નિયમનાત્મક સુધારાઓએ બજારને વધુ મજબૂત બનાવવામાં મદદ કરી.

શેરબજારની સફર રસપ્રદ છે, જેમાં જબરદસ્ત વૃદ્ધિ પણ નોંધાઇ છે. 1991ના આર્થિક સુધારા બાદ ભારતીય શેરબજારે લગભગ સાડા ત્રણ દાયકામાં મોટી છલાંગ લગાવી છે. સુધારા સમયે 1909ના સ્તર પર બંધ થયેલ સેન્સેક્સ ગયા વર્ષે ડિસેમ્બરમાં પ્રથમ વખત 86000ને પાર કરી ગયું હતું. એટલે કે આ સમયગાળામાં સેન્સેક્સે લગભગ 8500 ટકા રિટર્ન આપ્યું છે.

આ સફર એવા સમયે શરૂ થઇ હતી જ્યારે ભારતીય અર્થવ્યવસ્થા ગંભીર નાણાકીય સંકટમાંથી પસાર થઇ રહી હતી. જાન્યુઆરી 1986માં સેન્સેક્સની શરૂઆત થઇ હતી અને તે સમયે તે 1000ની નીચે કારોબાર કરી રહી હતી. 1991 સુધીમાં, દેશનું વિદેશી હૂંડિયામણ ભંડાર એટલું ઘટી ગયું હતું કે તે લગભગ બે અઠવાડિયાની આયાત માટે પૂરતું હોવાનું કહેવાય છે. અર્થતંત્રને સંભાળવા માટે સરકારે ઇમરજન્સી લોનનો આશરો લેવો પડ્યો હતો.

**1991માં 1909 પોઈન્ટના સ્તરથી સેન્સેક્સ 86000 પોઈન્ટનો આંકડો પાર કરી હર્ષદ મહેતા કૌભાંડ જેવી ઘટનાઓએ રોકાણકારોના વિશ્વાસ પર અસર કરી અને ટૂંકા ગાળાના ઝટકા આપ્યા**



જુલાઇ 1991માં તત્કાલીન નાણામંત્રી મનમોહન સિંહે ઐતિહાસિક બજેટ રજૂ કર્યું હતું. આમાં, લાયસન્સ રાજને નાબૂદ કરવા અને અર્થતંત્રને ખાનગી ક્ષેત્ર અને વૈશ્વિક બજારો માટે ખોલવાની દિશામાં મોટા પગલાં લેવામાં આવ્યા હતા. આને ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની શરૂઆત તરીકે જોવામાં આવતું હતું.

તેની અસર શેરબજાર પર પણ તરત જ દેખાઇ હતી. 1991ના બજેટના દિવસે સેન્સેક્સમાં લગભગ 5 ટકાનો વધારો થયો હતો. 1991 દરમિયાન, સેન્સેક્સે 82 ટકા વળતર આપ્યું હતું અને વર્ષ 1909 પોઇન્ટ પર સમાપ્ત થયું હતું. આ પછી તેજી વધી હતી. ફેબ્રુઆરી 1992માં મનમોહન સિંહના બીજા બજેટ પહેલાના સાત મહિનામાં સેન્સેક્સમાં 94 ટકાનો વધારો થયો હતો. જોકે, તે સમયગાળાની તેજી માત્ર આર્થિક સુધારાઓને કારણે ન હતી. હર્ષદ મહેતાના નેતૃત્વમાં શેરબજારમાં પણ તીવ્ર અટકળો ચાલી રહી હતી. માર્ચ 1992માં સેન્સેક્સ પ્રથમ વખત 4000 પોઇન્ટને પાર કર્યો. આ પછી થોડા સમય બાદ બજારમાં મોટો ઝટકો લાગ્યો હતો.

28 એપ્રિલ 1992ના રોજ હર્ષદ મહેતા કૌભાંડ સામે આવ્યા બાદ સેન્સેક્સમાં લગભગ 13 ટકાનો ઘટાડો થયો હતો. આ પછી સમયની સાથે બજારમાં ઘણા સુધારા કરવામાં આવ્યા અને અર્થતંત્રનો પણ વિસ્તાર થયો.

લાંબા ગાળે આ ફેરફારો સાથે સેન્સેક્સનું કદ સતત વધતું રહ્યું છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં ઇન્ડેક્સ 86000 પોઇન્ટને પાર કરી ગયો હતો. આંકડા મુજબ સેન્સેક્સે શરૂઆતથી અત્યાર સુધીમાં 40માંથી 30 વર્ષમાં પોઝિટિવ રિટર્ન આપ્યું છે. તાજેતરના વર્ષોમાં સેન્સેક્સમાં પણ તીવ્ર

**કરન્ટ-ટોપિક**

લાભ થયો છે. વર્ષ 2014માં આ સૂચકાંક 25000ની આસપાસ હતો, જે વર્ષ 2025 સુધીમાં વધીને આશરે 86000ની આસપાસ પહોંચી ગયો છે. એકલા 2024 સેન્સેક્સ માટે નિર્ણાયક હતું. આ વર્ષે, સૂચકાંક 75000, 80000 અને 85000ના ત્રણ મુખ્ય સ્તરોને પાર કરી ગયો છે.

જો કે, 86000 પોઇન્ટના રેકોર્ડ લેવલ બનાવ્યા પછી, બજારમાં થોડો ઘટાડો થયો છે. હાલમાં સેન્સેક્સ 78000ની નીચે કારોબાર કરી રહ્યો છે. ઇનપુટ્સ અનુસાર, વૈશ્વિક સ્તરે એઆઈ વિશે વધતી ચિંતા, મધ્ય પૂર્વમાં યુદ્ધ અને ક્રુડના ભાવમાં વધારા જેવા પરિબળોએ રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી છે. બજારમાં હાલની અસ્થિરતા હોવા છતાં ભારતીય શેરબજારનું ચિત્ર લાંબા ગાળે જુદું રહ્યું છે. મોતીલાલ ઓસવાલ ફાઇનાન્સિયલ સર્વિસિસના ચેરમેન રામદેવ અગ્રવાલે ભારતને વૈશ્વિક બજારોમાં ફેરારી ગણાવ્યું છે અને કહ્યું છે કે વૃદ્ધિ, વધતા નાણાકીયકરણ અને અર્થતંત્રમાં માળખાકીય ફેરફારોએ ભારતીય બજારનો પાયો મજબૂત કર્યો છે. અગ્રવાલના જણાવ્યા અનુસાર, છેલ્લા બે દાયકામાં ભારતનું માર્કેટ કેપિટલાઇઝેશન ડોલરની દ્રષ્ટિએ વાર્ષિક 14 ટકાના દરે વધ્યું છે, જ્યારે અમેરિકન બજારમાં લગભગ 7 ટકા છે. આ દરે બજારનું કદ દર પાંચથી છ વર્ષે લગભગ બમણું થાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

# રેલવેએ ગયા વર્ષની સરખામણીમાં જુલાઈ 2026માં ફ્રેઈટ લોડિંગમાં 9%ની વૃદ્ધિ સાથે 141 મિલિયન ટનથી વધુ માલનું વહન કર્યું



ભારતીય રેલવેએ જુલાઈ 2026 દરમિયાન તેની મજબૂત કામગીરી ચાલુ રાખી હતી, જેમાં માલ-સામાન અને મુસાફરો બંને ક્ષેત્રે સ્વસ્થ વૃદ્ધિ નોંધાઈ હતી. માલ-સામાનનું વધુ વહન, મુસાફરોના ટ્રાફિકમાં વધારો, આવકના નિર્માણમાં સુધારો અને મુખ્ય ચીજ વસ્તુઓની સુધારેલી હેરફેર આર્થિક વૃદ્ધિને ટેકો આપવા, લોજિસ્ટિક્સને મજબૂત કરવા અને સમગ્ર દેશમાં વિશ્વસનીય ગતિશીલતા પૂરી પાડવામાં ભારતીય રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરે છે. ભારતીય રેલવેએ જુલાઈ 2026 દરમિયાન 141.3 મિલિયન ટન માલ-સામાનનું વહન કર્યું હતું, જે અગાઉના વર્ષના સંબંધિત મહિના દરમિયાન 129.7 મિલિયન ટન હતું, જે 9 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આ મજબૂત કામગીરી અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોમાં સતત માંગ અને માલ-સામાનના લોજિસ્ટિક્સ અને કામગીરીની કાર્યક્ષમતામાં સુધારો કરવાના સતત પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

મુખ્ય ચીજવસ્તુઓનું વધુ વહન ઉદ્યોગ, કૃષિ અને ઊર્જા સુરક્ષાને ટેકો આપે છે.જુલાઈ 2026 દરમિયાન કેટલાય મુખ્ય ચીજવસ્તુ જૂથોએ વાર્ષિક ધોરણે સ્વસ્થ વૃદ્ધિ નોંધાવી હતી. લોખંડની કાચી ધાતુના (આયર્ન ઓર) વહનમાં 22.2 ટકા, કોલસામાં 11.5 ટકા, અનાજમાં 11.5 ટકા, ખાતરોમાં 12 ટકા અને બાકીની અન્ય વસ્તુઓમાં 12.1 ટકાનો વધારો થયો છે, જે પાયાની સુવિધાઓ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર), ઉત્પાદન અને કૃષિ ક્ષેત્રોમાંથી મજબૂત માંગ દર્શાવે છે.

થર્મલ પાવર પ્લાન્ટ્સ ખાતે કોલસાની માંગમાં વધારા સાથે, ભારતીય રેલવેએ ગયા વર્ષના

**બિઝનેસ વ્યૂ**

સંબંધિત મહિનાની સરખામણીમાં જુલાઈમાં વીજ મથકોને દેશી કોલસાના પુરવઠામાં 20% નો વધારો કર્યો છે.

માલ-સામાનની હેરફેરમાં વધારાના પરિણામે જુલાઈ 2025 ની સરખામણીમાં રૂ.1,137 કરોડની વધારાની માલ-સામાન આવક થઈ છે, જે 8 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ઝોનલ રેલવેમાં, પૂર્વ મધ્ય રેલવે (33%), પૂર્વીય રેલવે (33%), પશ્ચિમ મધ્ય રેલવે (23%) અને દક્ષિણ પૂર્વ રેલવે (10.33%) એ માલ-સામાનની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે.

**જુલાઈ 2026 દરમિયાન આયર્ન ઓર લોડિંગમાં 22.2%, ખાતરોમાં 12%, ખાદ્યાન્ન અને કોલસામાં 11.5%નો વધારો થયો; પાવર પ્લાન્ટ્સને સ્થાનિક કોલસાના પુરવઠામાં 20%નો વધારો થયો**

વધતી જતી મુસાફરોની અવરજવર રેલ કનેક્ટિવિટી અને સેવા વિતરણમાં વધારો દર્શાવે છે. ભારતીય રેલવેએ જુલાઈ 2026 દરમિયાન 63.35 કરોડ મુસાફરોનું પરિવહન કર્યું હતું, જે ગયા વર્ષના સમાન મહિનામાં 62.19 કરોડ હતું. સબઅર્બન અને નોન-સબઅર્બન બંને વિભાગોમાં મુસાફરોનો ટ્રાફિક વધતો રહ્યો, જે દેશભરમાં રેલ મુસાફરી માટે વધતી જતી પસંદગીને પ્રતિબિંબિત કરે છે. ભારતીય રેલવે માલ-સામાનના લોજિસ્ટિક્સને મજબૂત કરવા, મુસાફરોની સેવાઓમાં સુધારો કરવા અને આધુનિક રેલ પાયાની સુવિધાઓનો વિસ્તાર કરવા માટે કટિબદ્ધ છે. કામગીરીની કાર્યક્ષમતામાં સતત સુધારા, ક્ષમતામાં વધારો અને ગ્રાહક-કેન્દ્રી પહેલો દ્વારા, ભારતીય રેલવે ભારતની આર્થિક વૃદ્ધિ, ઊર્જા સુરક્ષા અને લાખો મુસાફરો માટે દરરોજ સીમલેસ ગતિશીલતાને ટેકો આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

## કન્ટેનર ટ્રેન ઓપરેટરો હવે સિંગલ ઓલ ઈન્ડિયા લાયસન્સ સાથે તમામ રૂટ પર કામગીરી કરી શકશે

કન્ટેનર ટ્રેન ઓપરેટરો માટે સારા સમાચાર, કારણ કે તેઓ સિંગલ ઓલ ઈન્ડિયા લાયસન્સ સાથે તમામ રૂટ પર કામગીરી કરી શકશે, જેનાથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સુધારો થશે. ભારતીય રેલવેએ લાયસન્સિંગ માળખાને સરળ બનાવ્યું; આ સુધારાઓથી પરિવહન ખર્ચ અને પ્રદૂષણ ઘટશે, માર્ગો પરનો ટ્રાફિક હળવો થશે અને ઉદ્યોગોને, ખાસ કરીને એમએસએમઈ (MSMEs) ને લાભ થશે.અન્ય સુધારાઓમાં ₹25 કરોડની સમાન નોંધણી ફી અને મુદત વધારવા (એક્સટેન્શન) માટે કોઈ નવીકરણ ફી નહીં હોવાનો સમાવેશ થાય છે ભારતીય રેલવે નેટવર્ક પર ઓપરેટરોને કન્ટેનર ટ્રેન ચલાવવાની મંજૂરી આપતા મોડેલ કન્સેશન એગ્રીમેન્ટ (MCA) માં ભારતીય રેલવેએ ફેરફારોને મંજૂરી આપી છે. મંજૂર કરાયેલા ફેરફારો હેઠળ, કન્ટેનર ટ્રેન ઓપરેટરો (CTOs) ને રૂ.25 કરોડની સમાન નોંધણી ફી સાથે સિંગલ ઓલ ઈન્ડિયા લાયસન્સ હેઠળ સમગ્ર નેટવર્કના તમામ રૂટ પર કન્ટેનર ટ્રેનો ચલાવવાની મંજૂરી આપવામાં આવશે, જેનાથી વિવિધ રૂટ કેટેગરીઓ માટે અલગ મંજૂરીઓ અને ફીની અગાઉની વ્યવસ્થા નાબૂદ થશે. આ ફેરફારો ગેઝેટ નોટિફિકેશન દ્વારા સૂચિત કરવામાં આવશે. તમામ રૂટ માટે સિંગલ લાયસન્સ સિસ્ટમ અમલી બની છે.મંજૂર કરાયેલા ફેરફારોના ભાગરૂપે, લાયસન્સનું વર્તમાન રૂટ-વાઇઝ વર્ગીકરણ બંધ કરવામાં આવશે. રેલવે મંત્રાલયની મંજૂરીને આધીન, કન્ટેનર ટ્રેન ઓપરેટરોને સિંગલ ઓલ ઈન્ડિયા લાયસન્સ આપવામાં આવશે, જેથી તેઓ ભારતીય રેલવે નેટવર્ક પરના તમામ રૂટ પર કન્ટેનર ટ્રેનો ચલાવવા માટે સક્ષમ બનશે. વિવિધ રૂટ કેટેગરીઓ માટે અલગ-અલગ નોંધણી ફી વસૂલવાની અગાઉની વ્યવસ્થા નાબૂદ કરવામાં આવી છે. દરેક અરજદારે હવે ભારતીય રેલવે નેટવર્ક પરના તમામ રૂટ પર કામગીરી કરવા માટે ₹25 કરોડની નોન-રિફંડેબલ સમાન નોંધણી ફી જમા કરાવવાની રહેશે.મંજૂર કરાયેલા સુધારાઓ જોગવાઈ કરે છે કે કન્ટેનર ટ્રેન ઓપરેટરને આપવામાં આવેલી મંજૂરી પૂર્ણ થયા પછી વધુ 20 વર્ષના સમયગાળા માટે લંબાવી શકાશે. સંતોષકારક કામગીરીને આધીન, સક્ષમ સત્તાધિકારી દ્વારા અરજી કરવા પર એ જ ઓપરેટર માટે આ કરવામાં આવશે. આ મુદ્દત વધારવા માટે અથવા તે જ ઓપરેટરને ભવિષ્યમાં આપવાના થતા કોઈ પણ એક્સટેન્શન માટે કોઈ એક્સટેન્શન ફી લેવામાં આવશે નહીં. કેટેગરી-I લાયસન્સ ધરાવતા ઓપરેટરો તેમનો કન્સેશન સમયગાળો પૂરો થાય ત્યાં સુધી તેમની વર્તમાન કેટેગરી હેઠળ ચાલુ રાખી શકે છે. નવા લાયસન્સ હેઠળ રિન્યુઅલ કે એક્સટેન્શન પર, તેમની પાસેથી કોઈ ફી લેવામાં આવશે નહીં. કેટેગરી II, III અને IV ના ઓપરેટરો પણ તેમનો કન્સેશન સમયગાળો પૂરો થાય ત્યાં સુધી તેમની વર્તમાન કેટેગરીમાં ચાલુ રાખી શકે છે. નવા લાયસન્સ હેઠળ રિન્યુઅલ કે એક્સટેન્શન માટે, તેઓ રૂ.15 કરોડ ચૂકવશે. આ નવી ફી રૂ.25 કરોડ અને અગાઉ ચૂકવેલ રૂ.10 કરોડ વચ્ચેનો તફાવત છે. આ રકમ નોન-રિફંડેબલ છે.આ ઓપરેટરો તેમના 20 વર્ષનો કન્સેશન સમયગાળો પૂરો કરતા પહેલા નવા લાયસન્સમાં વહેલા શિફ્ટ થવાનું પણ પસંદ કરી શકે છે. વહેલા શિફ્ટ થવા માટે તેઓએ રૂ.15 કરોડની એ જ રકમ ચૂકવવાની રહેશે.સમાન નોંધણી ફી અને એક્સટેન્શન ફી નાબૂદ કરવાથી ઓપરેટરો માટે મંજૂરી પ્રક્રિયા સરળ બનવાની સાથે નિયામક અને પાલન ખર્ચમાં ઘટાડો થવાની અપેક્ષા છે. સરળ બનાવાયેલ લાયસન્સિંગથી ખાનગી ભાગીદારી વધશે અને કન્ટેનર ટ્રેન કામગીરીનો વિસ્તાર થશે, જેનાથી દેશભરમાં રેલ-આધારિત માલવાહક પરિવહનમાં સુધારો થશે. કન્ટેનર પરિવહન માટે રેલવેનો વધુ ઉપયોગ થવાથી વધુ કાર્યક્ષમ અને ખર્ચ-અસરકારક માલવાહક પરિવહન વિકલ્પ મળી રહેશે, જેનાથી ઉદ્યોગો, ખાસ કરીને એમએસએમઈ (MSMEs) માટે લોજિસ્ટિક્સ ખર્ચ ઘટવાની અપેક્ષા છે.કન્ટેનર ટ્રાફિક રોડથી રેલવે તરફ વધુ વળવાથી હાઇવે પર ટ્રાફિકનું ભારણ ઘટશે, બળતણનો વપરાશ ઘટશે અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે, જે વધુ ટકાઉ માલવાહક પરિવહનમાં યોગદાન આપશે.સમાન અને સરળ લાયસન્સિંગ વ્યવસ્થા તરફ મંજૂર કરાયેલા સુધારાઓનો ઉદ્દેશ્ય ભારતીય રેલવે નેટવર્ક પર કન્ટેનર ટ્રેન ઓપરેટરો માટે સરળ અને સમાન લાયસન્સિંગ માળખું સ્થાપિત કરવાનો છે.